# સત્સંગ સમાચાર

## પૂ. અશ્વિનદાદા પ્રાગટ્ય પર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનું ૭૭મું પ્રાગટ્ય પર્વ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ સંનિધિમાં ૧૫ જુલાઈના રોજ અંતરના ઉમંગથી ઉજવાયું. યોગીપ્રસાદનો વિશાળ સભાખંડ સંતો અને વિવિધ મંડળના મુકતોથી છલકાતો હતો. સૌ કોઈના હૈયે પૂ. અશ્વિનદાદા પ્રત્યેનો પ્રેમ ઊભરાતો હતો. અનુપમ સૂરવૃંદના સંતો-મુકતો ભજનોની હેલી વરસાવી રહ્યા હતા ત્યારે સંતભગવંત સાહેબજીનું આગમન થયું. પૂ. અશ્વિનદાદાની મૂર્તિ સુશોભિત આસને શોભતી હતી. તેઓના શ્રીચરણોમાં સંતોએ પૂજન અને પુષ્પહાર અર્પણ કરી હૃદયવંદના ધરી. ભક્તોએ પણ પુષ્પગુચ્છ, પુષ્પહાર અને સ્મૃતિભેટ ધરીને ભાવવંદન અર્પણ કર્યાં. પૂ. પીટરભાઈએ સભાસંચાલન કરતાં પ્રાર્થના કરી કે, 'પૂ. અશ્વિનદાદા સૌ સંતો તથા ભક્તો પ્રતિ જેવાં નિર્દોષબુદ્ધિ અને માહાત્મ્ય ધરાવે છે તેવાં સૌનાં જીવન બની રહે.' પૂ. દિલીપભાઈએ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાની દાસભાવનાને છતી કરી જણાવ્યું કે, 'પૂ. અશ્વિનદાદા સંતભગવંત સાહેબજીમાં પ્રગટ અને પ્રત્યક્ષ પ્રભુસ્વરૂપનો સ્વીકાર કરી મન-બુદ્ધિ પરની અવસ્થામાં જીવ્યા એટલે જ તો તેઓ 'સાધુરામ' કહેવાયા.' પૂ. સતીશભાઈએ મનનીય માહાત્મ્યગાન કરતાં જણાવ્યું કે, 'પૂ. અશ્વિનદાદા સાધનામાર્ગે કોઈ પણ વિક્તિમાં પડ્યા વગર સૌમાં પ્રભુનાં દર્શન કરી જીવ્યા તો તેઓ પ્રભુના કાર્યના ભાગીદાર બન્યા. ભક્તોમાં તેમના જીવન-વર્તનની જે અસર થઈ તેનાથી અનેકોનાં જીવન પલટાયાં.' આ પ્રસંગે ઈંગ્લેન્ડથી પધારેલ પૂ. ભૂપાભાઈએ પણ માહાત્મ્યગાન કર્યાં.

પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'એક સાધુ સાધના કરી ગુણાતીત અવસ્થાને પામે છે તેનાં દર્શન આજે થાય છે; તે જ પૂ. અશ્વિનદાદાનો યથાર્થ મહિમા છે.' પૂ. અશ્વિનદાદાએ પણ અમેરિકાથી ત્યાંની મોડી રાત્રે ઊઠી ફોન દ્વારા આશિષ પાઠવી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના મહિમાનું ગાન કર્યું.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા કે, 'પૂ. અશ્વિનભાઈ એ યોગીબાપાએ આપેલ અમૂલ્ય ભેટ છે. આવા સાધુ સાથે જોડાવાથી હઠ, માન, ઈર્ષ્યાના ભાવ છૂટે છે, વાસના બળે છે અને જન્મ-મરણના ચકરાવામાંથી જીવ મુક્ત થાય છે. આવા સાધુની આજ્ઞા પાળવાથી બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પામી શકાય છે.' આમ, અદ્‌ભુત માહાત્મ્યની વર્ષામાં સૌ ભીંજાયા અને અંતે કેક અર્પણ કરીને આનંદ કર્યો. ◆

*** વડોદરા :** સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદાની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ૧૪ જુલાઈ, રથયાત્રાના પાવન દિવસે વડોદરાના ૨૫૦થી પણ વધુ અક્ષરમુકતોએ ભેગા મળી લાયન્સ હૉલમાં પૂ. અશ્વિનદાદાનો પ્રાગટ્યદિન ઊજવ્યો અને સાથે વડોદરાના નિષ્ઠાવાન અક્ષરમુક્ત બંધુઓ ગોવિંદભાઈ ને શંકરભાઈના પ્રાગટ્યદિનને પણ સાંકળી લીધો. આ અદ્‌ભુત સમન્વયના આનંદને માણી સંતભગવંત સાહેબજી ખૂબ પ્રસન્ન થયા. શેતુલભાઈએ સભાસંચાલન સંભાળ્યું. સંતો તથા અતિથિઓનાં સ્વાગત થયાં. મેહુલભાઈ, નરેશભાઈ, હેમંતભાઈ, ડોલરભાઈ, આશિષભાઈ, હેમચંદ્ર આદિ મુકતોએ મહિમાગાન કર્યાં. પૂ. રમેશભાઈ ઝા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ વરસાવ્યા.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પાઠવ્યા કે, 'ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોના ગુણ ગાવા એ શ્રેષ્ઠ ભક્તિ છે. શુદ્ધ ઉપાસના દઢ કરવા આવા સંતો-ભક્તોના પ્રાગટ્યદિન ઊજવીએ, હળીમળીને સેવા કરીએ તો પ્રભુ રાજી થાય.' પૂ. અશ્વિનદાદા, ગોવિંદભાઈ, શંકરભાઈ આદિના મહિમાનાં દર્શન પામી સૌએ ધન્યતા અનુભવી. ◆




બ્રહ્મજ્યોતિ મોગરીમાં પૂ. અશ્વિનદાદા પ્રાગટ્ય પર્વે સાહેબજીનાં આશીર્દાન



વડોદરામાં પૂ. અશ્વિનદાદા પ્રાગટ્ય પર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

* **અનુપમ મિશન સૉશ્યલ વૅલફૅર સૅન્ટર, ખારઘર-નવી મુંબઈ** : ૧૪ જુલાઈ-રથયાત્રાના પાવન દિવસે સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના તિથિ મુજબના પ્રાગટ્યદિનની ઉમંગપૂર્ણ ઊજવણી કરવામાં આવી. બહેનો દ્વારા અધિક માસથી આરંભ થયેલ મહાપૂજારૂપ ભક્તિ આજે ૭૭મી મહાપૂજા સ્વરૂપે ખારઘર મંદિરે અર્પણ થઈ. પૂ. દિનેશભાઈ, પૂ. હરિભાઈ અને પૂ. યજ્ઞેશભાઈનાં માર્ગદર્શન હેઠળ સૌ બાળકો, કિશોરો અને કિશોરીઓને યજમાન પદે બેસાડવામાં આવ્યાં. મહાપૂજા બાદ સૌ બહેનોએ ભક્તિરૂપ મહાપૂજા દરમિયાન થયેલાં સુખદ અનુભવદર્શન કરાવ્યાં. સૌ બહેનોએ ભેગાં મળીને જે ભક્તિ અર્પણ કરી તેને પૂ. દિનેશભાઈ, પૂ. યજ્ઞેશભાઈ અને જગતભાઈએ બિરદાવી. સભા બાદ સૌએ ભેગાં મળી ઉમંગથી મહાપ્રસાદ ગ્રહણ કર્યો.

૧૫ જુલાઈના રોજ સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિને પૂ. દિનેશભાઈ, પૂ. હરિભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, સિંગસાહેબ, ગાંધીસાહેબ અને સૌ મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૂરવૃંદના યુવકોએ ધૂન-ભજનથી આરંભ કર્યો. હેતનભાઈ, હંસાબા, ગિરીશભાઈ દેસાઈ, મીઠીબહેન, પારસભાઈ, મોનાબહેન, મૌલી અને સિંગસાહેબે માહાત્મ્યદર્શન કરાવ્યું અને સૌએ શ્રીઠાકોરજી સમક્ષ પ્રાર્થના કરી કે, 'સંતભગવંત સાહેબદાદા અને સૌ સદ્ગુરુ સંતોને જે કાર્ય આમારી પાસે કરાવવું છે એ અમે કરતાં રહીએ અને એમના રાજીપાનાં પાત્રો બનીએ.' પૂ. યજ્ઞેશભાઈ અને પૂ. દિનેશભાઈએ આશિષ પ્રવચનમાં સદ્ગુરુ સંત પૂ અશ્વિનદાદાનું અદ્ભુત જીવન દર્શન કરાવ્યું અને સૌને માહાત્મયથી ભરી દીધાં. ◆

* **વેમાર** : ઉપાસનાધામ, વેમારમાં અર્પણ થતી માસિક કીર્તન આરાધના ૧૫ જુલાઈના રોજ યોજાઈ, જેમાં સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો ૭૭મો પ્રાગટ્યોત્સવ પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા આદિ દિવ્ય સંતોના સાંનિધ્યે ઊજવાયો. સંતોના સ્વાગત બાદ મેહુલભાઈ, સમીરભાઈ, અજયભાઈ, જિતિક્ષા આદિએ માહાત્મ્યગાન કર્યાં. પૂ. રમેશભાઈ ઝા અને પૂ. દિલીપભાઈએ પૂ. અશ્વિનદાદાના જીવનનું અનુપમ દર્શન કરાવ્યું. પૂ. રતિકાકા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપી સૌને કૃતાર્થ કર્યાં અને સૌની સેવાને બિરદાવી. આ પ્રસંગે આબાલવૃદ્ધ સૌએ ભેગાં મળી ખૂબ સેવાઓ કરી. ◆

* **પર્થ, ઑસ્ટ્રેલિયા** : ૧૫ જુલાઈના રોજ પર્થ મંડળના મુક્તોએ ભેગાં થઈને સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યપર્વની અત્યંત ભાવપૂર્ણ ઉજવણી કરી. પૂ. અશ્વિનદાદા જેવા દિવ્ય સંતનાં માર્ગદર્શને અને સાંનિધ્યે થયેલા અભૂતપૂર્વ અનુભવોનાં માહાત્મ્યગાન કરી સૌ મુક્તોએ પ્રાર્થનાઓ ધરી અને સંપ, સુહૃદભાવ, એકતા સૌમાં દઢ થાય તેવી યાચના કરી. ◆



સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે સાપુતારામાં યોજિત 'સક્રિય કાર્યકર શિબિર'ની સ્મૃતિ

## સાપુતારામાં સક્રિય કાર્યકર્તાઓની ત્રિદિવસીય શિબિર યોજાઈ

સંતભગવંત સાહેબજીની આજ્ઞા, પ્રેરણા અને આશીર્વાદથી અનુપમ મિશન, ભારતનાં વિવિધ કેન્દ્રોમાં કાર્યરત સક્રિય કાર્યકર્તાઓ માટેની ત્રિદિવસીય અધ્યાત્મશિબિરનું સુંદર આયોજન ૨૦થી ૨૨ જુલાઈ દરમિયાન સાપુતારામાં કરાયું. સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદા અને સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં આ શિબિરનો આરંભ ૨૦ જુલાઈની સાંજે થયો. તે પહેલાં ૧૫૦ જેટલા સક્રિય કાર્યકરો શિબિરસ્થળે પહોંચી ગયા અને સમયસર ઉદ્ઘાટન સભામાં બિરાજ્યા. આ સભામાં પૂ. દિલીપભાઈએ શિબિરનો હેતુ સ્પષ્ટ કર્યો અને પૂ. શાંતિદાદાએ પ્રાર્થનાનાં બળ પૂરી શિબિર સફળ બને તેવા આશીર્વાદ આપ્યા. પૂ. દિવ્યેશભાઈએ પ્રાથમિક સૂચનાઓ આપી સૌને વિવિધ વ્યવસ્થાઓથી માહિતગાર કર્યા. સમગ્ર શિબિરનું સફળ આયોજન પૂ. રમેશભાઈ દયાળુ, પૂ. અનિલભાઈ પરમાર, પૂ. રાજુભાઈ ડે આદિ સંતોએ કર્યું. 'આધ્યાત્મિક જ્ઞાન, ઉપાસનાની દિવ્ય સમજને વર્તનમાં લાવવા માટે બળ, બુદ્ધિ અને પ્રેરણા મેળવવાની આ શિબિર છે' તેમ જણાવી સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ દીધા.

૨૧ જુલાઈના રોજ પ્રથમ સત્રમાં ડૉ. મૂકેશભાઈ ભગતે વ્યવસ્થાલક્ષી, ભક્તિલક્ષી અને ધર્મલક્ષી ભાથું પીરસી સુંદર માર્ગદર્શન આપ્યું. ડૉ. મનોજભાઈ સોનીએ પ્રાર્થનાભાવ ધરી ધન્યતા વ્યક્ત કરી અને ઉપસ્થિત સૌને ભાગ્યશાળી ગણાવ્યા. સંતભગવંત સાહેબજીએ મનનીય આશીર્વચન પાઠવી સૌને લક્ષ્ય પામવા બળ દીધાં. સુવ્યવસ્થા, ભગવદ્વાર્તા ને અધ્યાત્મભાવના, અખંડ નિર્દોષભાવ અને માહાત્મ્યસભર વૃત્તિ રાખી જીવન જીવવાના વિઝનને વિવિધ કાર્યક્રમો-શિબિરો યોજી પામી શકાય તેવાં માર્ગદર્શન આપી સંતભગવંત સાહેબજીએ વિઝન ૨૦૨૦ના આરંભ કરાવ્યા.

સાંજના સત્રમાં સુંદર પ્રશ્નોત્તરીનાં આયોજન થયાં જેમાં ઘનશ્યામભાઈ પાઠક (અમદાવાદ), બ્રિજેશભાઈ રાવળ (સાઠંબા), હેમંતભાઈ પટેલ (વડોદરા), વિરલભાઈ ચોટાઈ (શિણાય), પુલિનભાઈ (કરમસદ) આદિ કાર્યકર્તાઓના પ્રશ્નોના ઉત્તર સંતભગવંત સાહેબજી, પૂ. શાંતિદાદા અને ડૉ. મનોજભાઈએ આપ્યા. તમામ પ્રશ્નોના ઉત્તરમાં નિતાંત ભક્તિ અને સ્વરૂપલક્ષી જીવનભાવનાની અદ્ભુત સમજ સૌને પ્રાપ્ત થઈ. પોતાને અક્ષરરૂપ માની પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપ ગુરુહરિના દાસ થવાના લક્ષ્યને પામવાના હેતુ

માટેની આ શિબિર છે તેમ જણાવી સંતભગવંત સાહેબજીએ ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા. કાર્યકર્તાઓની મૂંઝવણ, સહજ વર્તન અને વ્યવહારમાં આવતી તકલીફોનાં નિરાકરણ સંતોએ કર્યાં, જે પામી સૌ ધન્ય થયાં. આ ઉપરાંત, અનુપમ મિશન જેવી અનુપમ સંસ્થા અને સંતભગવંત સાહેબજી જેવા પ્રગટ ગુરુહરિની પ્રાપ્તિ થયા બાદ કેફમાં રહી, અનુવૃત્તિ અને અભિપ્રાયની ભક્તિ કરી જીવતર સુધારવાના અભિગમ અંગે સુંદર વાતો થઈ.

૨૨ જુલાઈ સવારે શિબિર પૂર્ણાહુતિ સભામાં પ્રેઝન્ટેશન દ્વારા ડૉ. મૂકેશભાઈ ભગતે માર્ગદર્શન આપ્યાં. શિબિર ફલશ્રુતિ પ્રતિભાવ પૂ. રમેશભાઈ ઝા, પૂ. પીટરભાઈ, પૂ. હિંમતસ્વામી, જગતભાઈ, જયગોપાલભાઈ આદિએ આપ્યા. ડૉ. મનોજભાઈએ એક કલાકથી વધુ સમય માહાત્મ્યગાન કરી, મનનીય માર્ગદર્શન આપી શિબિર સારાંશ સમજાવ્યો. ગુરુદેવ યોગીજીમહારાજની જીવનભાવના, સંતભગવંત સાહેબજીની હૃદયભાવના અને અનુપમ મિશનના સક્રિય કાર્યકર્તાઓની આચારસંહિતા મુજબની આચરણભાવનાની અદ્‌ભુત વાતો કરી શિબિર હેતુને તેઓએ દૃઢ કરી આપ્યો. ડૉ. મનોજભાઈની વાતોને વાગોળવાનો અનુરોધ કરી પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ દીધા.

ત્રણ દિવસ અખંડ આનંદ કરી સૌએ આધ્યાત્મિક બ્રાહ્મીઅવસ્થાને પામવાના સુંદર સ્વાધ્યાય કર્યા અને સંકલ્પ લીધા. પૂ. પી.પી.સ્વામી તેમજ સુરત મંડળના સેવકોએ ખૂબ સેવાઓ કરી શિબિરની સઘળી વ્યવસ્થાઓ સાચવી. સાપુતારાના સૌંદર્યની સાથે સાથે ઉપાસનાની પરમ ભાવનાને માણવાનો આનંદ સૌને ખૂબ મળ્યો. સૌ સેવકોની સેવાને સંતભગવંત સાહેબજીએ બિરદાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## ગુરુપૂનમ ઉત્સવ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ૨૭ જુલાઈ-ગુરુપૂર્ણિમાના પાવન અવસરે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં ગુરુભક્તિની હેલી વરસી. બ્રહ્મજ્યોતિમાં નિર્માણ પામનાર નૂતન મંદિરના



ગુરુપૂનમ ઉત્સવ, મોગરી : સંતભગવંત સાહેબજીની સાથે બિરાજમાન સદ્‌ગુરુ સંતો

બાંધકામના શુભારંભ આ પાવન દિવસે સવારે સંતભગવંત સાહેબજી, સંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં સાકાર થયા. આ નિમિત્તે સુંદર પૂજાવિધિ સંતોએ કરાવી, જેમાં આર્કિટેક્ટ, કૉન્ટ્રાક્ટર, ઍન્જિનિયર્સ, સંતો, ભક્તો આદિ યજમાનપદે બિરાજ્યા. પૂજા અંતે સૌએ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના જયનાદ કર્યા અને ગુરુસંકલ્પને સાકાર કરવા સૌ કટિબદ્ધ થયાં.

ત્યારબાદ, ગુરુપૂર્ણિમા ઉત્સવસભામાં સૌ કોઈ બિરાજમાન થયાં. યોગીપ્રસાદનો વિશાળ સભાખંડ ભક્તોથી છલોછલ ભરાયો હતો. આ પ્રસંગને માણવા અને ગુરુભક્તિ અદા કરવા અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાંથી ભક્તો દૂર દૂરથી પધાર્યા હતા. તેનું વિશેષ કારણ એ હતું કે, આ મંગલ પર્વે સંતભગવંત સાહેબજીની દેશમાં ઘણા લાંબા સમય પછી ઉપસ્થિતિ. આ અણમોલ તકને માણવા સૌ કોઈ સમયસર ઉત્સવમાં પધાર્યા.

સભા પ્રારંભે પૂ. પીટરભાઈએ ગુરુમાહાત્મ્યનું અદ્‌ભુત ગાન કર્યું. સમસ્ત અનુપમ મિશન પરિવાર વતીથી પૂ. રાજુભાઈ અને પૂ. ગૌતમભાઈએ ગુરુપૂજન કર્યું તેમજ પૂ. હિંમતસ્વામી અને પૂ. રણછોડભાઈએ પુષ્પહાર અર્પણ કરી સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે વંદનાઓ ધરી. પૂ. સતીશભાઈ, પૂ. દિલીપભાઈએ સંતભગવંત સાહેબજીની ગુણાતીત અવસ્થા, ભક્તો માટેની ભીડા-ભક્તિ, સૌના કલ્યાણની નિ:સ્વાર્થ ભાવના, મહિમાભરી દૃષ્ટિ, ગુણગ્રાહક વલણ આદિની અદ્‌ભુત વાતો કરી સૌને અપરંપાર માહાત્મ્યથી ભરી દીધાં.

પૂ. શાંતિદાદાએ નૂતન મંદિરના નિર્માણ પ્રારંભે સંતભગવંત સાહેબજીના શ્રીચરણે હઠ, માન, ઈર્ષ્યા આદિ દુર્ગુણો સમર્પી, તન-મન-ધનથી સેવા કરી, પ્રગટ સ્વરૂપને રાજી કરી લેવાની ગુરુચાવી બતાવી સૌને માર્ગદર્શન-આશિષ અર્પ્યાં. સંતભગવંત સાહેબજી રૂપે પ્રાપ્ત થયેલ પ્રભુના પ્રગટ સ્વરૂપના સંકલ્પમાં ભળવાથી આત્મા શુદ્ધ થશે, ઉપાસના સિદ્ધ થશે, જન્મારો સુધરી જશે તેમ જણાવી બળ દીધાં અને સંતભગવંત સાહેબજીના મહિમામાં સૌને ગરકાવ કર્યા.

સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોને ગુરુપૂર્ણિમાએ નૂતન મંદિર અર્થે નાનું-મોટું કંઈક ને કંઈક અર્પણ કરવાની આજ્ઞા કરી. તેઓએ આશિષ વરસાવતાં જણાવ્યું કે, 'પ્રભુ અર્થે સમર્પિત કરેલી સેવા દિવ્ય થાય, વળગણ છોડાવે, મુક્તિ અપાવે. આપણે નૂતન મંદિરમાં આપણા ગુરુઓ શાસ્ત્રીજીમહારાજ અને યોગીજીમહારાજની સોનાની મૂર્તિઓ પધરાવવી છે. તેથી સૌ કોઈ આ સેવામાં જોડાજો. સાધના સરળ કરવા માટેની આ સેવા છે. દૈવીભાવ જાગ્રત કરવા માટેની આ પ્રવૃત્તિ છે. આધ્યાત્મિક ઉત્થાન કરવાની આ નિસરણી છે. આપણે હળીમળીને સંપ-સુહૃદભાવ અને એકતા રાખીને આ સેવા કરવી છે. આવી સેવા સુખ, શાંતિ અર્પે.' ગુરુના શ્રીમુખે વહેલી સરવાણીને સૌ કોઈએ ઝીલી અને સર્વસ્વનાં સમર્પણ કરવા પ્રણ લીધાં. આ પ્રસંગે પૂ. અશ્વિનદાદાએ અમેરિકાથી ફોન દ્વારા આશીર્વાદ પાઠવ્યા. રાહુલ અને દીપ્તિબહેન દેસાઈ તેમજ અમિતભાઈ દ્વારા રચિત બે નૂતન ભજનોનાં ગાન થયાં. ત્યારબાદ સંતભગવંત સાહેબજી ને પૂ. શાંતિદાદાના શ્રી ચરણોમાં

સૌ સંતો, ભક્તોએ ગુરુવંદના અર્પણ કરી, વ્યક્તિગત દર્શન-આશીર્વાદનો લાભ પ્રાપ્ત કર્યો. ◆

### મિત્ર પુનર્વસન કેન્દ્રનો ૨૬મો સ્થાપનાદિન ઉજવાયો

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશીર્વાદથી યોગી વિદ્યાપીઠના નેજા હેઠળ કાર્યરત મનોદિવ્યાંગ બાળકો માટેની વિશિષ્ટ શાળા 'મિત્ર પુનર્વસન કેન્દ્ર'નો ૧૪ જુલાઈ-રથયાત્રાના પાવન દિવસે ૨૬મો સ્થાપનાદિન 'પ્રજ્ઞાનતીર્થ-સર્વાંગી શિક્ષણ સંસ્થાન' ખાતે ઉજવાયો. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી ને સંતોના આશીર્વાદ પ્રાપ્ત થાય તે હેતુથી મહાપૂજાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબદાદાના દિવ્ય સાંનિધ્યમાં પૂ. શાંતિદાદા, કુલગુરુ પૂ. રતિકાકા આદિ સંતો, મહાનુભાવો, શિક્ષકો ને મિત્ર શાળાના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ મહાપૂજામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ યજમાન પદે બિરાજ્યા. પૂ. ઉત્પલભાઈએ સુંદર મહાપૂજા કરાવી સૌના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થનાઓ કરી.

આ પ્રસંગે પૂ. અશ્વિનદાદાના ૭૭મા પ્રાગટ્યપર્વને ઊજવી સૌ સારસ્વત મિત્રોએ ભક્તિ અદા કરી અને વિદ્યાર્થીઓએ બનાવેલ સુંદર શુભેચ્છા-પ્રાર્થનાપત્ર સાહેબદાદાને અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ગુજરાત સરકારના દિવ્યાંગ ખેલ પ્રતિભા પુરસ્કારથી સન્માનિત અને રાષ્ટ્રીય કક્ષાએ ઍથ્લેટિક્સમાં બ્રૉન્ઝ મૅડલ મેળવી સંસ્થાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થી પલક શાહ તેમજ રાષ્ટ્રીય કક્ષાની ખેલો ઇન્ડિયામાં ટૅબલ ટૅનિસ રમતમાં બ્રૉન્ઝ મૅડલ મેળવનાર વિદ્યાર્થિની ભક્તિ પટેલનાં સન્માન કરાયાં. 'મિત્ર શાળા'નાં સ્થાપક ડાયરેક્ટર સુવર્ણાબહેન કદમ, આચાર્યા પ્રતિભાબહેન, ધનંજયભાઈ તેમજ વર્તમાન સમયે કાર્યરત અને ભૂતપૂર્વ શિક્ષકો તથા કુલસેવકોનાં પણ સન્માન કરાયાં. સૌ પર સંતભગવંત સાહેબજીએ કૃપાશિષ વરસાવી ધન્ય કર્યાં. ◆

### ટીચર્સ ટ્રેઇનિંગ વર્કશૉપ યોજાયો

સંતભગવંત સાહેબદાદાની પ્રેરણા, માર્ગદર્શન અને કૃપાશિષથી અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠની મોગરી તથા નડિયાદ સ્થિત વિવિધ વિદ્યાશાખાઓના કિશોરાવસ્થાનાં બાળકોના અભ્યાસ સાથે સંકળાયેલા શિક્ષકો માટે તારીખ ૩થી ૫ ઑગસ્ટ દરમિયાન 'ટીચર્સ ટ્રેનિંગ વર્કશૉપ' નિજાનંદ રિસૉર્ટમાં યોજવામાં આવ્યો.

અનુપમ મિશન અને લાયન્સ અમૂલના સંયુક્ત આયોજનથી લાયન્સ ક્વેસ્ટ 'સ્કીલ ફોર એડોલેસન્સ' કાર્યક્રમ અંતર્ગત યોજિત ઇન્ટરનેશનલ કક્ષાના આ વર્કશોપમાં તરુણાવસ્થાનાં બાળકો જીવનલક્ષી અભિગમ કેળવે, સારા-નરસાનો વિવેક રાખી સફળતા મેળવવા માટે ઉદ્યમી થાય તે માટે તેઓને હકારાત્મક રહી, શિક્ષણકાર્ય પ્રત્યે પ્રતિબદ્ધ રહી કેવી રીતે તાલીમ આપવી તેની સુંદર સમજ શિક્ષકોને આપવામાં આવી.

ઇન્ટરનેશનલ ટ્રેઈનર શ્રી યોગેશભાઈ પોટાએ સતત ઊર્જાવંત રહી, વિવિધ માધ્યમોના ઉપયોગ દ્વારા રચનાત્મક પ્રવૃત્તિઓ અને જૂથચર્ચાના માધ્યમથી સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું. વર્કશૉપના પ્રારંભે અને પૂર્ણાહુતિ સત્રમાં પૂ. રતિકાકાના આશીર્વાદ પ્રાપ્ત થયા. લાયન્સ ક્લબના પદાધિકારીઓ ડિસ્ટ્રિક્ટ ચૅરમૅન શ્રી મનોજભાઈ, પ્રૅસિડન્ટ શ્રી ભરતસિંહ, પ્રૉજેક્ટ ચૅરમૅનશ્રી મહેશભાઈ, લાયન કાશ્મિરાબહેન, સુવર્ણાબહેન, સમીરાબહેન, આણંદ નગરપાલિકાના પ્રમુખશ્રી કાંતિભાઈ આદિ મહાનુભાવોની ઉપસ્થિતિ પ્રેરણારૂપ રહી. આ ટ્રૅનિંગ પામી સૌ શિક્ષકો ઊર્જાસંપન્ન અને નૂતન પદ્ધતિ દ્વારા શિક્ષણ-સેવાનો અભિગમ મેળવી સુસજ્જ થયા. ◆

### શ્રદ્ધાંજલિ



*** રામજીબાપા ઝાલાવાડિયા :** માણાવદરનિવાસી રામજીબાપા પ્રગટના ઉપાસક, શ્રદ્ધાવાન સમર્પિત મુક્તરાજ. યોગીજીમહારાજનો પહેલેથી જોગ. યોગીબાપા જેવું સુખ કાકાજી, પપ્પાજી અને સાહેબજીમાં અનુભવ્યું. જીવન અને મન સાહેબજીના શ્રીચરણે સમર્પિત કર્યાં. સામાજિક વ્યવહાર કરતાં કાયમ સત્સંગને જ પ્રાધાન્ય આપ્યું. વળી, તેઓનાં પાંચ સંતાનો પૈકી જ્યેષ્ઠ વહાલસોયા પુત્ર પૂ. રમેશભાઈ ઝાને સાધુ થવા સંતભગવંત સાહેબજીના શ્રીચરણે અર્પિત કર્યા અને આદર્શ સાધુરત્નની ભેટ આપી. દીકરીઓ પૂ. લીલાવતીબહેન અને પૂ. ભાનુબહેનને પૂ. પપ્પાજીના સાંનિધ્યે શ્રી ગુણાતીત જ્યોતમાં સાધ્વી થઈ ભગવાન ભજવા પ્રેરણા આપી. દીકરી રમાબહેન અને દીકરા હરસુખભાઈને ગૃહસ્થાશ્રમમાં ભક્તિસંપન્ન જીવન જીવવાના સંસ્કાર આપ્યા. દાસત્વ અને સમર્પણના ગુણો તેઓએ સંતાનોમાં વાવ્યા, જે આજે ખીલી ઊઠેલા સહજ અનુભવાય છે. એવા રામજીબાપાને અંતિમ દિવસોમાં સંતભગવંત સાહેબજી અને પૂ. શાંતિદાદાનાં દર્શન અને આશીર્વાદના લાભ પ્રાપ્ત થયા અને ત્યારબાદ ૧૨ જુલાઈના રોજ ૮૪ વર્ષની વયે તેઓ અક્ષરધામ સિધાવ્યા. આવા અક્ષરમુક્તોએ જે આદર્શ સ્થાપ્યો છે તે પ્રેરણારૂપ છે. આવા અક્ષરમુક્ત પૂ. રામજીબાપાને વંદન છે ! ◆

### હે પૂજ્ય માધવચરણ સ્વામી !
### આપના ધામગમન પ્રસંગે પ્રાર્થના કરીએ છીએ !



મોટા માધવચરણસ્વામી... પ્રાતઃ સ્મરણીય સંત. યોગીબાપાના અંતેવાસી સેવક... દાસત્વની મૂરત. યોગીમય જીવન અને યોગી અનુવૃત્તિએ હલનચલન. યોગીને રાજી કરવા પ્રવૃત્તિ ને યોગીમય દૃષ્ટિ. સર્વમાં યોગીનાં દર્શન, સર્વની માહાત્મ્યપૂર્ણ સેવાભાવના. સર્વનો યોગીસ્વરૂપે સ્વીકાર, સૌના માહાત્મ્યનો પ્રસાર.

૧૯૬૧માં યોગીબાપાએ ૫૧ યોગેશ્વરોને દીક્ષા આપી, તે દિવ્ય પ્રસંગે દીક્ષિત થયા ને યોગીબાપાએ પોતાની સેવામાં રાખ્યા. સૌને-ભક્તોને નિર્દોષ માની સેવા કરવી તે સાધના માની. સર્વ ભક્તોને યોગીબાપાને વિશે ભાવ થાય તેવી પ્રવૃત્તિ કરી, સાથે વિચરતા સૌ યુવાનોની સુહૃદભાવપૂર્ણ સાચવણી કરી અને યોગીબાપાની રુચિમાં સૌ યુવાનો ભળે તેવી સેવા કરાવી સમજ આપી. યોગીબાપાને રાજી કરવા સમજ સાથે સેવા-કરાવી બળ પૂર્યાં. સતત સહજ યોગીબાપા પ્રતિ દૃષ્ટિ રાખી યોગીનાં સૌને સેવા કરી રાજી કર્યાં. યોગેશ્વરોના મહંત કેશવજીવનદાસજી - તેઓને

યોગીસ્વરૂપ માન્યા. બી.એ.પી.એસ. સંસ્થાના વડા પ્રમુખસ્વામીજીની આજ્ઞામાં જીવ્યા. કાકાજી-પપ્પાજીને યોગી અર્થે જીવન જીવતા દિવ્ય સ્વરૂપ રૂપે વંદન કર્યા. હરિપ્રસાદજી યોગીબાપાની સાથે એકરૂપ થયેલા સાધુ જાણી સ્વીકાર્યા. સાહેબજીને યોગીહૃદય જાણી સદાય પ્રેમભાવે વંદી રહ્યા. આ સૌ યોગીસ્વરૂપોના સંબંધવાળા સૌની સેવા અહોભાવે કરતા રહ્યા. પૂ. નિર્મળસ્વામીજીના સખા બન્યા ને સાથે રહી પરાભક્તિ કરતા રહ્યા. નિર્મળસ્વામીજી-જ્ઞાનસ્વરૂપસ્વામીજી સાથેની એકતા-રસબસતા આદર્શ બની યોગીબાપાના દીક્ષિત સૌ સંતોના સુહૃદ સ્વજન બન્યા. અમ સૌ સાહેબ થકી દીક્ષિત વ્રતધારી સંતોના પ્રેમલ માવતર બન્યા.

ભગવાં હૃદય કરવાની મંત્રદીક્ષા જે યોગીબાપાએ સાહેબજીને આપી, ગોટલીનો પ્રસાદ આપી યોગીબાપાએ અશ્વિનભાઈને સાહેબજી પાસે મોકલ્યા, જશુભાઈની સેનામાં જોડાવાનો આદેશ બાપાએ શાંતિભાઈને કર્યો; આ સઘળા પ્રસંગોના એક માત્ર સાક્ષી પૂ. માધવચરણસ્વામી. ૧૯૭૧માં બાપાએ દેહ છોડ્યા ત્યારથી આજપર્યંત યોગીને રાખી જીવતા રહ્યા. તેઓએ યોગીની અનુવૃત્તિએ ભક્તોની સેવામાં સમગ્રની કુરબાની ધરી. ૨૦ જુલાઈના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેઓનો આતમ-પરમાતમે એકરૂપ થયો તેનો પ્રકાશ ઝળહળે છે. પ્રાર્થના કરીએ એ દિવ્ય યોગીસ્વરૂપને... માધવચરણને...

અમે સૌ યોગીનાં સંતાનો, સાહેબજીના સ્વરૂપે અમારું સર્વસ્વ ઓગાળવા મંડેલા સેવકો અમને જે સ્વરૂપ મળ્યું તેને રાજી કરી લઈએ. આપની જેમ તેઓની અનુવૃત્તિમાં સમગ્રને ભેળવી દઈએ તે માટે આશિષ દો ! કૃપા કરો ! આપના શાશ્વત પરમાતમ સ્વરૂપને અમારી પ્રાર્થના ! સ્વીકારો, ધન્ય કરો, સહજાનંદે સુખી કરો ! ◆

### આશા અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ અને વિતરણ

અનુપમ મિશનની નર્મદા જિલ્લાનાં અંતરિયાળ ગામોમાં થતી સમાજોત્થાનની અનેક પ્રવૃત્તિઓમાંના 'અનુપમ સંજીવની હેલ્થ અવેરનેસ (આશા)' અભિયાન અંતર્ગત વનીકરણના કાર્યક્રમમાં ૬૫ ગામોમાં સાગ, સરગવો, જાંબુ, જામફળ, આમળાં, વાંસ, દાડમ આદિ ૨૯,૩૪૪ જેટલાં વૃક્ષોનાં વિતરણ અને રોપણ થયાં. રાજ્ય સરકારની વનીકરણ યોજનાને સમર્થન આપતાં અનુપમ મિશનના આ ઉમદા કાર્યને રાજપીપળા ખાતે યોજિત ૬૯મા વન મહોત્સવ કાર્યક્રમમાં બિરદાવવામાં આવ્યું. આ પ્રસંગે નર્મદા જિલ્લાના કલેકટરશ્રી આર. એસ. નિનામા, ધારાસભ્યશ્રી પી. ડી. વસાવા, નાયબ વનસંરક્ષક પ્રતીકભાઈ આદિની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન જાગૃતિબહેન પંડ્યાના વરદ હસ્તે અનુપમ મિશનને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યું. આ કાર્યમાં સેવારત સંતો પૂ. સતીશભાઈ અને પૂ. મણિભાઈને અભિનંદન ! ◆

### આંતરરાષ્ટ્રિય કક્ષાએ હેત પંડ્યાની અનોખી સિદ્ધિ

વડોદરાના નિષ્ઠાવાન મુક્તરાજ રુચિરભાઈ-મિતિબહેનના દીકરા હેત પંડ્યાએ આંતરરાષ્ટ્રિય કક્ષાએ યોજિત સ્પેલ-બી સ્પર્ધામાં ચોથો ક્રમાંક પ્રાપ્ત કરી માતાપિતા, ગુરુજનો તથા અનુપમ મિશન પરિવારને ગૌરવ અપાવ્યું છે. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ ચિ. રુચિતને આશીર્વાદ આપ્યા. ◆

## હે સોનાબા !
### આપ સદા પ્રગટ છો તે અનુભૂતિ કરીએ છીએ !



સોનાબા... સૌનાં બા
પ્રત્યક્ષ પ્રગટની નિષ્ઠાવાળા કુટુંબમાં પ્રાગટ્ય
પ્રાગટ્યે શાસ્ત્રીજીમહારાજના આશીર્વાદ મળ્યા
શ્રીજી અને સ્વામી... મારા શાસ્ત્રીજીમહારાજમાં પ્રગટ
પિતાનો ભાવ અને તેમાંથી પ્રત્યક્ષ ગુરુહરિનો ભાવ
તેવો જ ભાવ યોગીબાપામાં થયો... બાપા આત્મા મનાયા
જીવન સમર્પિત કરી, સેવામાં સમગ્ર હોમ્યું
કુટુંબ સહિત તન મન ધન સમર્પ્યાં
બે દીકરી જ્યોતિબહેન... તારાબહેનને સાધુતાને માર્ગે જોડ્યાં
દીકરા કાન્તિકાકાને યોગીમાં હોમાઈ જવા બળ પૂર્યાં
યોગીબાપાએ યુવા સંતોને દીક્ષા દેવા સંકલ્પ કર્યા
તેઓને માહાત્મ્યગાન કરી બળ પૂર્યાં
પ.પૂ. સાહેબજી અને વ્રતધારી સંતોને 'મા'નો પ્રેમ પાયો
સાધનામાર્ગે સમજ આપી માહાત્મ્ય સમજાવ્યાં
સાહેબજીના સાથીઓને-આશ્રિત સંતોને સ્વરૂપનો મહિમા સમજાવ્યો
યોગીબાપા અને સાહેબજીની એકરૂપતા સમજાવી
પ્રાર્થના, પ્રેમ અને પ્રસાદથી ટકાવ્યા, સાચવ્યા ને સુખી કર્યા
બહેનોના સમગ્ર સમાજનાં રાહબર બન્યાં
પૂ. બહેન (શાન્તાબહેન પોપટ)ને સાથી માન્યાં ને સૌને મનાવ્યાં
સ્વરહિતનું જીવન જીવ્યાં ને હેતથી જોડાયાં તે સૌને પ્રેર્યાં
સ્ત્રી-પુરુષના ભાવથી ઉપર ઊઠી એકાન્તિક સિદ્ધદશાનું દર્શન કરાવ્યું
જિંદગીના અંતિમ શ્વાસ સુધી સૌનો મહિમા સમજીને ગાયો-પ્રસાર્યો
યોગીબાપાના સ્વરૂપ કાકાજી અને પપ્પાજી
પ્રમુખસ્વામીજી મહંતસ્વામીજી ને હરિપ્રસાદસ્વામીજી
આ ભગવાં વસ્ત્રે સાધુ તે સૌ યોગી સ્વરૂપો
આ સાહેબજી તે બાપાના વારસદાર ને વ્રતધારી સંતોના આત્મ-સૂત્રધાર
આ બહેનો ભગવત્ સ્વરૂપિણી આત્માઓ
તે ભાવ ધરી સેવા કરો ને અક્ષરધામ પામો
આ મહિમાગાન કરતાં રહ્યાં ને સહજાનંદી બની રહ્યાં
હે બા !
આપનાં એ મહિમાગાને અમને યોગીમાં જોડાયેલા રાખ્યા
આપનાં પ્રાર્થના-ભજનના બળે કાકાજી-પપ્પાજીમાં જોડાઈ રહ્યા
આપનાં પ્રેમ-પ્રાર્થના ને પ્રસાદે અમને સાહેબજી સ્વરૂપે જોડાવા શક્તિ મળી
વ્રતધારી સંતો અમ સૌ આપના પ્રાગટ્યમંગલે
આપને સ્મૃતિ કરી નિત સંભારીએ છીએ...
કોટિ કોટિ વંદન ધરીએ છીએ
આપ સદા પ્રગટ છો તે અનુભૂતિ કરીએ છીએ. ◆